# તારીખે તૈયેબી : સૈયદના લમક બિન માલિક અલ-હમ્માદી (ક.રૂ.)

આ દાઅવતે શરીફહના દોઆતે કિરામની ઝિક્ર, ખિદમત, જાઁનિસારી અને સીરતો સૂરતની બયાની ઘણી બલંદ છે, આઅલા છે. અઈમ્મતે તાહેરીન (અ.સ.) ના તીસરા સાતરા અશહાદના ચોથા ઈમામ આલી મકામ મૌલાના મુસ્તનસિર બિલ્લાહ (અ.સ.) ની ૫૯ વરસની ઈમામતના ઝમાન મુબારકના યમની દોઆતની ફાતેમી દાઅવત અને તૈયેબી તેહઝીબ-અદબને યમનમાં મઝબૂત કરવા વાસ્તેની બેલૌસ અને બેઈન્તેહા ખિદમત અને ઈમામ (અ.સ.) ની ફરમાઁબરદારી-ઈતાઅતની બયાનીને રકમ કરવામાં ઝબાન કાસિર છે અને કલમ આજિઝ છે.

આપ ઈમામ (અ.સ.) ના ઝમાનમાં યમનની સરઝમીનને ફિત્ના-ફસાદથી આઝાદ કરનાર, લોગોના દિલાને બદ્દીની-બેઈમાનીથી પાકો સાફ કરીને ઈમાનનો નૂરાની લિબાસ પહેરાવનાર અને સખ્ત ઝુલ્મ-ગુમ્રાહીના મહેનતભરા માહૌલને મીટાવી અમાન અને સુકૂનની બહાર લાવનાર સૈયેદના અલી બિન મોહંમદ અસ-સુલૈહી હતા. આપે ઘણી જદ્દો જેહદ કરીને ઈમામ (અ.સ.) ની તાઈદથી મુખ્તલિફ કૌમોની આપસી તાઈત્તેફાકી દૂર કરીને યમનના તમામ ઈલાકાઓને ઈસ્માઈલી મઝહબના પરચમે ફાતેમીમાં લાવા અને પૂરા મુલ્કે યમન પર આપ મૌલાએ બા શાનો શૌકત દબદબા સાથે હુકૂમત કીધી અને હર મસ્જિદમાં ઈમામ મુસ્તનસિર (અ.સ.) ના નામ મુબારકના ખુત્બા પઢવામાં આવા. યમનમાં આપના વક્તમાં સૈયેદના લમકની બહાદુરી, દુરંદેશી અને ખિદમત મશ્હૂરો માઅરૂફ હતી. આપ મૌલાની ઈજાઝત લઈને અને યમનમાં ફત્હે અઝીમના મુબારકબાદીના પૈગામ લઈને સૈયેદના લમક બિન માલિક ઈમામ મુસ્તનસિર બિલ્લાહની હઝરતે આલીયાહમાં મિસિર પહોંચા. યમનમાં સૈ.અસ-સુલૈહી ના હાથ પર ફત્હયાબીની ખબર સાંભલી અને દાઅવતના ઊમૂરની મઝબૂતી અને લોગોના દિલોના હાલાત જાણી ઈમામ આલી મકામ બેહદ ખુશ થયા.

સૈ.લમક મિસિર જે વક્ત પહોંચા તો બાબુલ ઈમામ સૈયેદના મોઅય્યદ શીરાઝી સાહબને ઈમામી ફરમાન પહોંચા કે સૈ.લમક જે યમનથી પધારેલા છે તેમની દિલો જાનથી ખાતિરદારી કરો, તેમને દાઅવતના તમામ ઝાહિરી-બાતેની ઊલૂમ-હિકમતના સબક આપો, ઈલ્મો માઅરેફતના દરજા ચઢાવો. ફરમાન મુતાબિક સૈ.લમક અને સૈ. મોઅય્યદ શીરાઝી સાહબ પાસે પૂરા ૫ સાલ રહીને મઝહબે અહલુલ બૈત (અ.સ.) ની બધી હકીકતો અને ઈલ્મોને હાસિલ કીધા અને જે વક્ત આપ કમાલ દરજાને પહોંચા તો આપે સૈ. મોઅય્યદ સાહબ પાસે ૨૭ સવાલો પૈશ કીધા. બાબુલ અબ્વાબ સૈ.મોઅય્યદ સાહબે ફરમાવું કે, “અય લમક, ભલે હું તમારો ઉસ્તાઝ છું, મગર તમારા આ ૨૭ સવાલોના જવાબો મારા આકા ઈમામ મુસ્તનસિર (અ.સ.) આપશે.”

તે બાદ આપને સૈ.મોઅય્યદ સાહબના ફરમાનથી હઝરતે ઈમામીયાહમાં પૈશ કરવામાં આવા. ઈમામ (અ.સ.) ની ખુશીની ઈન્તેહા ન રહી જે વક્ત આપે સૈ.મોઅય્યદ ની ઝબાનથી આ કલામ સાંભલા કે, “અય મૌલા, હવે લમક કુલ્લી તૌર પર દાઅવતના ઊમૂરનો ઉચકવા વાસ્તે તૈયાર થઈ ચુકા છે, આપ એને આઝમાવી શકો છો.” ઈમામ (અ.સ.) એ સૈ.લમક ના ચેહરા પર નઝર કીધી કે આપ સમઝી ગયા કે, સૈ. મોઅય્યદના કલામ સાચા છે. આપ સૈ. લમકના દિલની હાલથી વાકિફ થઈ ચુકા હતા અને હવે સૈ. લમક જ યમનની દાઅવતની ખિદમતને લઈ ઉઠશે તેથી પણ આપ આગાહ થઈ ચુકા હતા. ઈમામ (અ.સ.) થી સૈ. લમકને તમના ૨૭ સવાલોના જવાબ મીલા અને હર જવાબ સાથે એક એક નફીસ પોશાક મીલી અને આ જવાબોના સબબ સૈ. લમકને ૨૭ ઈલ્મી મરતબામાં  તરક્કી હાસિલ થઈ.

યહાઁ યમનમાં સૈ. અલી બિન મોહંમદ અસ-સુલૈહીએ ૪૫૯ હિ.માં હજ્જે બયતુલ્લાહનો કસ્દ કીધો, મગર દુશ્મનોએ આપને મક્કા પહોંચતા પહેલા રસ્તામાં ધોકાથી શહીદ કીધા. આપની શહાદત બાદ આપના ફરઝંદ બાકમાલ સૈ. અલ-મલિકુલ મુકર્રમે હુકૂમત અને દાઅવતની તમામ ઝિમ્મેદારી સંભાલી. મિસિરમાં ઈમામ (અ.સ.)ના નઝદીક આ દર્દનાક ખબર પહોંચી. ઈમામ મુસ્તનસિર બિલ્લાહ (અ.સ.)ને આપના આબાએ તાહેરીન યાઅની આગલા ઈમામોના ઝરીએ આ ઈલ્મ પહોંચું હતું કે, હવે ઝુહૂરનો વક્ત ખત્મ થઈ જાશે અને સતરનો ઝમાનો આવશે. યમનનો જઝીરો આલે મોહંમદ (સ.અ.વ.વ.) ની દાઅવતની બરકતથી ખાલી ન રહે તે વાસ્તે સૈ. લમકને પૂરી તરહ તૈયાર કરીને એને દાઈયુલ બલાગના રૂત્બાથી મુશર્રફ કીધા અને મુમેનીનની હિદાયતના ઝામિન બનાવા અને એને સાથે એક ખાસ ફરમાન સૈ. અલ-મલિકુલ મુકર્રમ અને આપના ઝૌજાર સૈ. હુર્રતુલ મલેકા વાસ્તે યમન મોકલા.

સિજિલ શરીફ-ઈમામી કાગઝમાં આ ત્રણે સાહબો વાસ્તે ખાસ હિદાયતો હતી અને સૈ. લમકને સૈ. અલ-મલિકુલ મુકર્રમ તેમજ સૈ. હુર્રતુલ મલેકાને  સાથે રહીને કારે દાઅવત કયા તૌર તરીકા પર ચલાવવાનો છે તેના તમામ ઈરશાદાત હતા. સૈ. લમક યમન આવા અને સૈ. અલ-મલિકુલ મુકર્રમ સાથે રહીને દાઅવતની દિલો જાનથી ખિદમત કરવા લાગા. સૈ. અલ-મલિકુલ મુકર્રમે ઝાહિરી સલતનત-હુકૂમતની ઝિમ્મેદારી સંભાલી કેમકે આપ સાહબુસ્સૈફ હતા, જંગો જિદાલના ફનમાં માહિર હતા, સિયાસી દાએરામાં આપનો સિક્કો હતો. સૈ. લમકે દાઅવતના ઝાહિરી-બાતેની ઊમૂર સંભાલા અને મુમેનીનની ખુશહાલી વાસ્તે આપ હમેશા કમરબસ્તા રહેતા અને પોતાની કલમના ઝોર પર મુમેનીન સિરાતે હક્ક પર કાઈમ રાખતા.

સૈ. લમકે ઈમામી ફઝલના સબબ જે ઈલ્મનું નૂર હાસિલ કીધું હતું તેને આપના દીકરા યાહ્યાને બખ્શું કેમકે આપને ભરોસો હતો કે આ યાહ્યાના સબબ યમનમાં દીને હક્કને ઝિંદગી મીલશે અને વફાતને નઝદીક યાહ્યાને આપના રૂત્બા ઉપર કાઈમ કરી ગયા જે બાબત નસનો ફઝલા ઈમામ આમિર (અ.સ.) તરફથી પણ થયો હતો. આ યાહ્યા પણ આપના વાલિદે માજિદ સૈ. લમકની મુજબ ઈલ્મો હિકમતમાં દરિયાએ બેકિનાર અને ફઝાઈલો ઈન્કેસારીમાં બેનઝીર હતા. તે આપ હતા જેએ ઈમામ તૈયેબ (અ.સ.)ની હુજ્જત અને હક્કાનીયતને વાજેહ-રોશન કીધી અને આપની દાઅવતના હુદૂદમાંથી અફઝલ અને આઅલા શખ્સે ફાઝિલને યાઅની સૈ. ઝોએબ બિન મૂસાને ખિદમતે આલીયહ વાસ્તે પસંદ કીધા અને એમને જઝીરએ યમનના હુજ્જત સૈ. હુર્રતુલ મલેકાની હઝરતમાં પૈશ કીધા. સૈ. હુર્રતુલ મલેકાએ સૈ. ઝોએબને દાઅવતના મરતબામાં કાઈમ કીધા.

ઈમામ મુસ્તનસિર બિલ્લાહ (અ.સ.)ના ઝમાનમાં જ સૈ. હુર્રતુલ મલેકાના શૌહર સૈ. અલ-મલિકુલ મુકર્રમ આ દારે ફાનીને છોડી દારે બકા તરફ કૂચ કરી ગયા. તે બાદ સૈ. હુર્રતુલ મલેકાએ સૈ. લમકની મદદ લઈને યમનમાં પૂરા હોંસલાથી દાઅવતે શરીફહ કાઈમ કીધી અને મૌ. ઈમામ મુસ્તઅલી (અ.સ.) અને મૌ. આમિર (અ.સ.) ના પૂરા દૌરે ઈમામતમાં આપ બિલા કુસૂર ખિદમત કરતા રહ્યા. યહાઁ તક કે આપ મૌલાતોના મૌ. ઈમામ આમિર (અ.સ.) ના ઝમાનમાં યમનના જઝીરાના હુજ્જત બના અને મૌ. આમિર (અ.સ.)ની ૫૨૬ હિ. માં શહાદત બાદ આપ ઈમામ તૈયેબ (અ.સ.)ની  તરફ ૬ સાલ તક દાઅવતના ઊમૂરને કાઈમ કરતા રહ્યા. ૫૩૨ હિ. માક્ર આપ મૌલાતોના (ક.રૂ.)નો આલેમે અરવાહમાં ઈન્તેકાલ પુરમલાલ થયો અને પછી મૌલાના ઈમામ આમિર (અ.સ.)ની નસથી સૈ. ઝોએબ બિન મૂસા ઈત્લાકના દરજા પર કાઈમ થયા અને ઈમામ તૈયેબના (અ.સ.) ઈસ્તેતાર બાદ પહેલા દાઈયુલ મુત્લક તરીકે ફાઈઝ થયા.

સૈ. લમક બિન માલિક (ક.રૂ.) ૨૭ જુમાદિલ આખર ૫૨ હિ. ના દિન અને સૈ. યાહ્યા બિન લમક (ક.રૂ.) ૨૮ જુમાદિલ આખર ૫૩ હિ. ના દિન વફાત થયા. ★